**-: જાહેર નિવિદા :-**

**જિલ્લા અદાલત, દાહોદ, છાપરી ખાતે જિલ્લા અદાલત, બીલ્ડીંગ, ફાસ્ટ્રેક કોર્ટ બિલ્ડીંગ તથા તાલુકા કોર્ટો માટે સુવિધા વ્યવસ્થાપનની તેમજ સફાઈ કામ અને સ્વચ્છતા પુરી પાડવા અંગે.**

---

ન્યાય વિભાગ હસ્તક દાહોદ ખાતે જિલ્લા અદાલત, દાહોદ તથા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં તથા દાહોદ જીલ્લાના ઝાલોદ, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, દેવગઢ બારીયા, ધાનપુર અને સંજેલી તાલુકાની કોર્ટોમાં સુવિધા વ્યવસ્થાપનની તેમજ સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની કામગીરી જેવી કે ફ્લોરીંગ, ચેમ્બરો, ઓફીસ, તેમજ લોબી અને તમામ દાદર, બાથરૂમ, ટોયલેટમા સફાઈ તેમજ કચરા પોતા કરવા તેમજ કમ્પાઉન્ડ રોડ સહીત સફાઈ તેમજ પાર્કિંગ અને તમામ પેસેજ તથા કોર્ટ બિલ્ડીંગમા આવેલ તમામ ફર્નિચર વિગેરેની સફાઈ તથા કચેરીના રૂમોના બારી બારણા, બારીના કાચ તથા રેકર્ડ ફાઈલની ધુળ વેકયુમ કલીનરથી સાફ કરવા તેમજ એકઠો કરેલ કચરો તેનુ નિયંત્રણ અને કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા પુરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠીત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો સીલ બંધ કવરમા મંગાવવામા આવે છે.

પુર્વ લાયકાતનું ફાર્મ તથા કોરા ટેન્ડર ફોર્મ (નોનટ્રાન્સફરેબલ) ચાલુ કામના દિવસોએ સવારના ૧૧:૦૦ કલાકે થી બપોરના ૨:૦૦ કલાક વચ્ચે **તા. 14/6/17** સુધીમા મુખ્ય જિલ્લા ન્યાયાધિશ, જિલ્લા અદાલત, દાહોદની કચેરી ખાતેથી અરજી સાથે **" મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, જિલ્લા અદાલત,દાહોદ "** ના નામનો રૂા.૧૦૦૦/- અંકે રૂપીયા એક હજાર પુરાનો ડીમાન્ડ ડાફટ સ્વરૂપે (પરત નહી ચુકવવા પાત્ર)અથવા રોકડેથી ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂમાં જિલ્લા અદાલત, દાહોદની નાઝર શાખામાંથી મેળવી શકાશે.

કોઈ પણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈ પણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધીત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને આ કચેરીના વખતો વખતના હુકમો બંધન કર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ ધ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરીયાત, કચેરીની સ્થિતિ, વગેરેથી સુમાહીતગાર થઈ શકશે ( પુર્વ લાયકાત ધરાવનાર એજન્સીના જ ટેન્ડર વિચારણામા લેવામા આવશે)

પુર્વ લાયકાત અને ભાવ પત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપરોકત અધિકારીને **તા. 23/6/17**. ના રોજ **સાંજના ૧૭:૦૦ કલાક** સુધીમા રૂબરૂ અથવા ટપાલ ધ્વારા રજુ કરવાનો રહેશે તથા કવર ઉપર પુર્વ લાયકાત ફાર્મ અને ભાવ પત્રક ટેન્ડર ફાર્મ લખવાનુ રહેશે.

રજુ થયેલા ટેન્ડર ફાર્મ **તા. 28/6/17** ના રોજ સમય ૨.૧૫ કલાકે મુખ્ય જિલ્લા ન્યાયાધિશશ્રી, દાહોદની કચેરીમા ખોલવામા આવેશે. **નોંધઃ**-ઓનલાઈન જાહેરાત જોવા માટે **www//ecourts.gov.in** લોગોન કરો..

સ્થળ :- જિલ્લા અદાલત, છાપરી, દાહોદ,

તારીખ :- 03/06/2017-

(એન.બી.પીઠવા)

મુખ્ય જિલ્લા ન્યાયાધીશ

જિલ્લા અદાલત,દાહોદ.